શાળાઓ તથા કોલેજોના શૈક્ષણિક પ્રવાસના
આયોજનમાં અનિચ્છનીય બનાવો નિવારવા
બાબત.

શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક- પરચ/૧૨૨૦૧૯/૯૯/વ.૨
તા.૨૩/૦૨/૨૦૨૪

વંચાણે લીધા

૧. શિક્ષણ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક- પરચ/૧૨૨૦૧૯/૯૯/વ.૨

૨. ગૃહ વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક વિ.૨/ડીએસએસ/૧૦૨૦૨૪/૭૩

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક – ૧ ના પરિપત્રથી સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/ખાનગી શાળા તથા કોલેજના કરવામાં આવતાં પ્રવાસ આયોજનમાં અનિચ્છનીય બનાવો નિવારવા આનુષાંગિક સામાન્ય સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તા.૧૮.૦૧.૨૦૨૪ના રોજ વડોદરા શહેરના હરણી તળાવમાં બોટીંગ કરવા માટે ગયેલ સનરાઈઝ સ્કૂલના બાળકો તથા શિક્ષકોની બોટ ઉંધી વળી જતાં ગંભીર પ્રકારની ઘટના બનેલ છે. આ બનાવના અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુઓ મોટો Writ Petition (PIL) No.9/2024 દાખલ કરવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક – ૨ ના ગૃહ વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૪ પત્ર અન્વયે વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ના પરિપત્રમાં નીચેની સૂચનાઓ ઉમેરવામાં આવે છે.

**પરિપત્ર-**

(૧) સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/ખાનગી શાળા તથા કોલેજના વિદ્યાર્થીઓના પ્રવાસ આયોજનમાં આગ, અકસ્માત સહીત અનિચ્છનીય ઘટના ન બને અને વિદ્યાર્થીઓની સંપૂર્ણ સલામતિ જળવાય તે માટે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક ૧ના પરિપત્રથી સામાન્ય સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સદર બાબતે સંબંધિત પ્રભાગોના વિષયો/વિદ્યાર્થીઓના વયજૂથને ધ્યાને લઇને પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓની સંપૂર્ણ સલામતિ માટે પ્રવર્તમાન નિયમો/જોગવાઇઓ મુજબ વિગતવાર અદ્યતન સૂચનાઓ શિક્ષણ વિભાગના સંબંધિત વહીવટી પ્રભાગો દ્વારા સત્વરે પરિપત્રિત કરવાની રહેશે, જેને ધ્યાનમાં લઇને જ હવે પછીથી પ્રવાસની મંજુરી આપનાર સંબંધિત અધિકારીશ્રીએ પ્રવાસની મંજૂરી અંગે નિર્ણય કરવાનો રહેશે.

(૨) પ્રવાસ દરમિયાન જો કોઇ અનિચ્છનીય ઘટના કે અકસ્માત બને તો તે બાબતે સંબંધિત ખાતાના વડાની કચેરીએ સંબંધિત વહીવટી પ્રભાગના પરામર્શમાં જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. વિભાગ કક્ષાએ સંબંધિત વહીવટી શાખાએ આનુષાંગિક તમામ કાર્યવાહી કરવાની રહેશે.

(અંકુરકુમાર ઉપાધ્યાય)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) સંયુકત સચિવશ્રી/સર્વે નાયબ સચિવશ્રી,/સર્વે ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૩) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭,ગાંધીનગર.

(૪) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર.

(૮) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦-બી, ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨, ગાંધીનગ

(૧૦) નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર

(૧૧) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ડૉ.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ

(૧૩) સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર

(૧૪) નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ

(૧૫) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખંડ ચાર રસ્તા, રાયખંડ,અમદાવાદ.

(૧૬) વિભાગની સર્વે શાખાઓ,

(૧૭) સિલેકટ ફાઇલ,

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.